જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૧/૦૧/૨૦૨૩   શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-          સમાચાર યાદી નં.૧૨૮/૨૦૨૩**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૫૦ | ૦ | ૧૫૦ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૩ | ૦ | ૧૦૦૭૦૩ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨ | ૧,૧૦,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## **નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૭૫ લીટર દેશી દારૂ, ૪૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪૭૮ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૭૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## **તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૦/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૬ વ્યક્તિની અટકાયત કરી હતી.

## **છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૧/૨૦૨૩**

**નરોડાઃ** ધ્વનિ વા/ઓ તક્ષય ગાંધી (ઉ.વ.૩૪) (રહે. અસ્ની સોસાયટી અનુપમ મહાદેવ મંદિરની બાજુમાં જોધપુર ચાર રસ્તા પાસે સેટેલાઇટ) એ તા.૨૦/૦૧/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પાંચ માસ અગાઉ થી તા.૧૭/૦૧/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન નરોડા સુતરના કારખાના પાસે “શ્રી પેટ્રોલીયમ” નામના પેટ્રોલ પંપ ખાતે નોકરી કરતા ફિલર નામે અશોક કિશનભાઇ નાયકર (રહે. દશરથલાલની ચાલી વિજયમીલ અસારવા) નાઓએ પોતાની નોકરી દરમ્યાન કરેલ પેટ્રોલના વેપારના પૈસાનો ખોટો હિસાબ લખાવી કુલ રૂપિયા ૨,૪૬,૩૦૬/- ઉચાપત કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

## **ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૨/૨૦૨૩**

**નરોડાઃ** ધવલભાઇ હરસુખભાઇ વાઘડીયા (રહે. સરીતા રેસીડેન્સી-૧ ડી માર્ટ પાછળ નિકોલ) એ તા.૨૦/૦૧/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૧૧/૨૦૨૨ રાતના ૭/૦૦ થી તા.૦૫/૧૧/૨૦૨૨ બપોરના ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા જી.આઇ.ડી.સી. ફેઝ નંબર-૧ તથા ૨ યુટીલીટી કોરીડોર પ્લોટ નંબર-૧૫૧ તથા ૧૫૨ માં આવેલ પંપીગ સ્ટેશનમાં ખુલ્લી જગ્યામાંથી લોખંડના એક્યુરેટર નંગ-૭ કિમત રૂપિયા ૨,૮૦,૦૦૦/-, લોખંડની સી-ચેનલ નંગ-૨ કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, લોખંડના સેન્ટીગ ફર્મા નંગ-૨૦ કિમત રૂપિયા ૨૫,૦૦૦/-, ચેઇન કમ્પો નંગ-૧ કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, ઇલેક્ટ્રીક કેબલ કિમત રૂપિયા ૨૦૦૦/- તથા પાઇપ ફીટીંગનો સમાન કિમત રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૧૭,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૩/૨૦૨૩</u>**

**કાગડાપીઠઃ** મુળીબહેન દેવજીભાઇ રેવર (ઉ.વ.૭૦) (રહે. ગ્રીનવેલી સોસાયટી જુની પાયલોટ ડેરી પાસે કાંકરીયા) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૧/૨૦૨૩ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૧/૨૦૨૩ બપોરના ૨/૨૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી